सत्यमेव जयते

| | |
|---|---|
| **દાખલ તારીખ** | **૧૭/૦૧/૨૦૨૪** |
| **નોંધ્યા તારીખ** | **૧૭/૦૧/૨૦૨૪** |
| **ફેંસલ તારીખ** | **૦૯/૦૩/૨૦૨૪** |
| **સમયગાળો** | **વર્ષ ૦૦ માસ ૦૧ દિન ૨૧** |

******************************************************

**બીજા એડી. ચીફ જયુડીશીલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાટણ.**

******************************************************

**ક્રિમીનલ કેસ નંબર :** ૯૯/૨૦૨૪
**આંક :** ૦૫

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** : પટેલ યોગેશભાઈ ચમનલાલ, ઉ.વ.આ.૪૮, રહે.પાટણ, વિષ્ણુનગર સોસાયટી નવા માર્કેટયાર્ડની સામે ચાણસ્મા રોડ, તા.જી.પાટણ.

**ગુન્હો** : ઈન્ડીયન પીનલ કોડની (ઈ.પી.કો) કલમ–૨૭૯ મુજબ.

---

**ફરીયાદ પક્ષે** : મદદનીશ સરકારી વકીલશ્રી આર.પી.ઓઝા
**આરોપી પક્ષે** : વિ.વકીલશ્રી આર.એન.ઠાકોર

---

**–:જજમેન્ટ:–**

૧. હાલના કામે ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૪/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૧:૪૦ વાગ્યાના સુમારે મોજે પાટણ ટાઉન સાંઈબાબા ત્રણ રસ્તાથી થોડે આગળ કુણઘેર તરફ જતા રસ્તા ઉપર પોતાના કબજા હવાલાનું મો.સા. જેનો રજીસ્ટ્રેશન નં.જી.જે.૨૪.૯૪૪૮ વાળુ પૂરઝડપે અને ગફલતભરી રીતે માણસની જીંદગી જોખમાય તે રીતે હંકારતા મળી આવી પકડાઈ જઈ, ઈ.પી.કો. કલમ–૨૭૯ હેઠળ સજાને પાત્ર ગુનો કરેલ છે.

૨. આ કામે આરોપીએ હાજર થઈને આંક–૦૩ થી ગુના કબુલાત પુરસીસ આપી તેમજ પોતાની મૌખિક રજૂઆતમાં આરોપી ગરીબ તથા મજુર વર્ગના માણસ છે, પરીરવારની ભરણપોષણની જવાબદારી આરોપી ઉપર છે, તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો છે આરોપી હવે પછી કયારેય આવો ગુનો નહિ કરે તેમ જણાવી ગુનો કબુલ કરેલ છે.

૩. આ કામે આંક–૦૪ થી આરોપીની પ્લી લેતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મળેલ છે તેમ જણાવી આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબૂલ કરેલ છે. આમ, કેસની હકિકત તથા આરોપીની આર્થિક સ્થિતીને ધ્યાને લઈને, તેમજ ઈન્ડીયન પીનલ કોડની (ઈ.પી.કો) કલમ–૨૭૯ ધ્યાને લેતાં, તેમજ તેની સ્વૈચ્છિક ગુનાની કબુલાત ધ્યાને લેતા, તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ જી.એલ.આર. ૨૦૦૫ (૧) પાન નં.૭૦૯, ગુજરાત રાજય વિરુધ્ધ નટવર હરચંદજીના કેસમાં આપેલ માર્ગદર્શીકા મુજબ આરોપીને સુધરવાની તક આપીને આરોપીને કાયદામાં જણાવેલ

પૂરેપૂરી સજા અને દંડ ન કરતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

૧. આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૨ અન્વયે, ઈન્ડિયન પીનલ કોડની કલમ-૨૭૯ મુજબ, સજાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૫૦૦/-(અંકે રૂપિયા પાંચસો પૂરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો દિન-૦૨ (બે) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ **૦૯મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૪** ના રોજ લોક અદાલત/સ્પે.સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૦૯.૦૩.૨૦૨૪
પાટણ

**(ફીરોઝખાન બીસ્મીલ્લાખાન પઠાણ)**
બીજા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાટણ
Code No.GJ-00632

**(R.B.CHAUHAN)**